# ગુજરાતી તરજૂમો

કુલ ગુણ: ૭૦

નોંધ: (૧) જમણી બાજુએ દર્શાવેલા અંક દરેક પ્રશ્નનાં પૂરા ગુણ દર્શાવે છે.
(૨) બધી જ ગણતરીઓ પ્રશ્નના જવાબનો જ ભાગ છે.

## વિભાગ - ૧

પ્ર. ૧ આર્થિક મૂલ્ય વધારો ઉદાહરણ સહિત સમજાવો. (૧૮)

અથવા

પ્ર. ૧ નીચેનાની વિગતવાર ચર્ચા કરો: (૧૮)
(અ) દષ્ટિ કેન્દ્ર
(બ) કોર્પોરેટ ગવર્નન્સ અહેવાલ
(ક) મહત્તમ દેખાવ પ્રાપ્તિ વિસ્તાર

પ્ર. ૨
(અ) 'અ' લિમિટેડ 'ટ' લિમિટેડના દરેક શેરના બદલમાં 'અ' લિમિટેડના ૦.૫ શેર આપી 'ટ' લિમિટેડને હસ્તગત કરવા માંગે છે. જરૂરી નાણાંકીય માહિતી નીચે મુજબ છે. (૧૦)

| વિગત | 'અ' લિમિટેડ | 'ટ' લિમિટેડ |
|---|---|---|
| કરવેરા પછીની આવક (₹) | ૧૮,૦૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| ઈક્વિટી શેર બાકી | ૬,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| પ્રતિ શેર આવક (₹) | ૩ | ૨ |
| કિંમત મૂલ્ય આવક ગુણોત્તર (સમય) | ૧૦ | ૭ |
| બજાર મૂલ્ય પ્રતિ શેર (₹) | ૩૦ | ૧૪ |

જરૂરી અન્ય માહિતી:
(૧) 'અ' લિમિટેડને 'ટ' લિમિટેડ હસ્તગત કરવા માટે કેટલી સંખ્યામાં શેર જોઈશે?
(૨) 'ટ' લિમિટેડને હસ્તગત કર્યા બાદ 'અ' લિમિટેડની પ્રતિ શેર આવક કેટલી હશે?
(૩) 'ટ' લિમિટિડની પ્રતિ શેર આવક સમાનતાનો નિર્ધાર કરો.
(૪) 'ટ' લિમિટેડને હસ્તગત કર્યા બાદ 'અ' લિમિટેડના શેરની અપેક્ષિત બજાર કિંમત શું હશે? તેના વિવિધ કિંમત મૂલ્ય આવક ગુણોત્તર (P/E Multiple) બદલાતા નથી તેમ ધારો.
(૫) સમાવેશ થયેલ પેઢીનું બજાર મૂલ્ય ગણો.

(બ) સમાવેશના પ્રકારો કેટલાં છે? કયા-કયા? (૦૭)

અથવા

પ્ર. ૨
(અ) સંપાદન અને સમાવેશનાં કારણો ઊંડાણપૂર્ણક સમજાવો. (૧૨)
(બ) 'સ' કંપની 'ર' કંપનીનો સમાવેશ કરવા માંગે છે. બંને કંપનીની નાણાંકીય માહિતી નીચે મુજબ છે: (૦૫)

| | 'સ' કંપની | 'ર' કંપની |
|---|---|---|
| નફો ટેક્સ પછી (₹ '૦૦૦) | ૨૦૦ | ૫૦૦ |
| શેરની સંખ્યા ('૦૦૦) | ૧૦૦ | ૨૫૦ |
| પ્રતિ શેર આવક (₹) | ૨ | ૨ |
| પ્રતિ શેરની બજાર કિંમત (₹) | ૧૦૦ | ૪૦ |
| કિંમત મૂલ્ય આવક ગુણોત્તર (સમય) | ૫૦ | ૨૦ |
| કુલ બજાર મૂલ્ય (₹ '૦૦૦) | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ |

સંયુક્ત પ્રતિ શેર આવક શું હશે? કિંમત મૂલ્ય આવક ગુણોત્તર સંયુક્ત પેઢીનો ગણો. શેરધારકોની સંપત્તિમાં કોઈ વધારો થશે?